# <u>ડીંડોલી, પોલીસ સ્ટેશન વિસ્તારના શરીર સબંધી તથા આર્મસ એક્ટના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી ડીંડોલી પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્ટાફની ટીમ.</u>

ડીંડોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોઇ અનીચ્છનીય બનાવ ન બને તેમજ નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા સારૂ પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.પો.કો. આનંદ રત્નાભાઇ તથા અ.પો.કો. દિનેશ અમૃતભાઇનાઓને સંયુકત-ખાનગી બાતમીના આધારે બાતમી હકીકત મળેલ કે ડીંડોલી પોલીસ સ્ટેશનના ખુનની કોશીષના ગુનામા સંડોવાયેલ આરોપી વિક્કી રાજપુત નવાગામ ભીમનગર ગરનાળા પાસે આવવાનો છે જે બાતમીના આધારે આરોપી કલ્પેશ @ વિક્કી રાજપુત ગજેન્દ્રસીંગ ગીરાશે ઉ.વ.૨૬ ધંધો-બેકાર રહે. ઘર નં. ૩૭, ગોવર્ધનનગર-૧, શીવહીરાનગર પાસે નવાગામ ડીંડોલી, સુરત મુળરહે. બોરટેકગામ તા. અમલનેર જિ. જલગાંવ (મહારાષ્ટ્ર) વાળાને પકડી પાડી (૧) ડીંડોલી પો.સ્ટે. I ગુ.ર.નં. ૨૧૩/૧૮ ઇ.પી.કો. ૩૦૭,૧૪૩,૧૪૭,૧૪૯,૩૨૬,૩૨૩,૫૦૬(૨),૧૧૪ મુજબ તથા G.P.Act.૧૩૫ વિગેરે મુજબના ગુનામા તા.૧૯/૦૬/૨૦૧૯ ના કલાક ૦૦/૪૦ વાગે અટક કરેલ છે.